# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09-09-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પૂરગ્રસ્ત પંજાબ માટે એક હજાર 600 કરોડ રૂપિયાની નાણાકીય સહાયની જાહેરાત કરી

2) ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં NDAના ઉમેદવાર સી. પી. રાધાકૃષ્ણનનો વિજય

3) નેપાળના પ્રધાનમંત્રી કે. પી. શર્મા ઓલીએ રાજીનામું આપ્યું.

4) કેન્દ્ર સરકારના સ્વચ્છ વાયુ સર્વેક્ષણ પુરસ્કારમાં ગુજરાતનું સુરત સમગ્ર દેશમાં ત્રીજા સ્થાને.

5) UAEમાં આજથી 17-મા એશિયા કપ ક્રિકેટનો પ્રારંભ – અફઘાનિસ્તાન અને હોંન્ગકોંન્ગ વચ્ચે પહેલો મુકાબલો

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV PM PUNJAB

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પૂરથી અસરગ્રસ્ત પંજાબ માટે એક હજાર 600 કરોડ રૂપિયાની નાણાકીય સહાયની જાહેરાત કરી છે. આ રાજ્ય પાસે પહેલાથી જ હાજર 12 હજાર કરોડ રૂપિયાથી અલગ છે. રાજ્ય આપત્તિ રાહત ભંડોળ અને પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિના બીજો હપ્તો અગાઉથી જાહેર કરાશે.

શ્રી મોદીએ પૂર અને પ્રાકૃતિક આપત્તિમાં જીવ ગુમાવનારા લોકોના પરિવારજનોને બે લાખ રૂપિયા અને ગંભીર રીતે ઇજાગ્રસ્તોને 50 હજાર રૂપિયાની સહાયની પણ જાહેરાત કરી. પ્રધાનમંત્રીએ કહ્યું , પૂરને કારણે માતાપિતા ગુમાવનારા બાળકોને પીએમ કૅર્સ ફૉર ચિલ્ડ્રન યોજના હેઠળ સહાય અપાશે.

આ પહેલા પ્રધાનમંત્રી પૂર અસરગ્રસ્ત પંજાબનું નિરીક્ષણ કરવા ગુરદાસપુર પહોંચ્યા હતા. તેમણે વરિષ્ઠ અધિકારીઓ સાથે પૂરથી થયેલા નુકસાનની સમીક્ષા કરી. પંજાબના મુખ્યસચિવ કે.એ.પી. સિન્હાએ પ્રધાનમંત્રીને રાજ્યમાં પ્રાકૃતિક આપત્તિથી થયેલા નુકસાન અંગે વિસ્તૃત માહિતી આપી. શ્રી મોદીએ પૂરથી અસરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ સર્વેક્ષણ કર્યું. તેમણે પૂરથી પીડિત અને NDRF–SDRFના કર્મચારીઓ સાથે પણ વાતચીત કરી.

. . . . . . . . .

# PRIME MINISTER HP

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે હિમાચલ પ્રદેશમાં પૂરથી અસરગ્રસ્ત વિસ્તારોની સમીક્ષા કરી. તેમણે પ્રાકૃતિક આપત્તિના કારણે અસરગ્રસ્ત થયેલા લોકોને શક્ય તમામ મદદ પહોંચાડવાની કેન્દ્ર સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. હિમાચલ પ્રદેશમાં પોતાના પ્રવાસની શરૂઆત કરતા પ્રધાનમંત્રીએ ધોધમાર વરસાદ અને ભૂસ્ખલનના કારણે થયેલા નુકસાનનું મૂલ્યાંકન કર્યું.

શ્રી મોદીએ રાજ્યના અધિકારીઓ સાથે ઉચ્ચસ્તરની ચર્ચા કરી અને ચાલી રહેલા રાહત તથા બચાવ અભિયાનનું મૂલ્યાંકન કરવા માટે યોજાયેલી સમીક્ષા બેઠકની અધ્યક્ષતા પણ કરી. તેમણે પૂરથી અસરગ્રસ્ત સ્થાનિકો, રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ અને રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળના કર્મચારીઓ સાથે સંવાદ કર્યો.

. . . . . . .

# REV EVE VICE PREZ ELECTION

ઉપરાષ્ટ્રપતિ પદ માટે આજે યોજાયેલી ચૂંટણીમાં રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન- NDAના ઉમેદવાર અને મહારાષ્ટ્રના રાજ્યપાલ સી. પી. રાધાકૃષ્ણનનો વિજય થયો છે. રાજ્યસભાના મહાસચિવ પી. સી. મોદીએ આ અંગે માધ્યમોને માહિતી આપતા કહ્યું, ઉપરાષ્ટ્રપતિ માટે NDAના ઉમેદવાર સી. પી. રાધાકૃષ્ણનને 452 મત મળતા ઉપરાષ્ટ્રપતિ માટે તેમની પસંદગી થઈ છે. જ્યારે ઉપરાષ્ટ્રપતિ માટે વિરોધ પક્ષના ઉમેદવાર બી. સુદર્શન રેડ્ડીને 300 મત મળ્યા છે.

(બાઈટઃ પી.સી. મોદી)

નવા સંસદભવનમાં આજે સવારે 10 વાગ્યાથી સાંજે પાંચ વાગ્યા સુધી ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે મતદાન થયું હતું.

. . . . . . . .

# NEPAL PM RESIGN

નેપાળના પ્રધાનમંત્રી કે. પી. શર્મા ઓલીએ આજે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેમણે રાષ્ટ્રપ્રમુખ રામચંદ્ર પૌડેલને પોતાનું રાજીનામું સોંપ્યું. ટૅક્નિકલ રીતે નેપાળમાં આ સમયે રાષ્ટ્રપતિ શાસન લાગી ગયું છે. નેપાળ સરકારના મુખ્યસચિવ , નેપાળની સેનાના પ્રમુખ , સરહદ સુરક્ષા દળના મહાનિદેશક, નેપાળ પોલીસના મહાનિદેશક અને અન્ય વરિષ્ઠ અધિકારીઓએ જનતાને શાંતિ જાળવી રાખવા અનુરોધ કર્યો છે. મુખ્ય રાજકીય દળ વર્તમાન સ્થિતિમાં શાંતિપૂર્ણ નિવારણ લાવવા અંગે ચર્ચા કરી રહ્યું છે.

પ્રધાનમંત્રી ઓલીના રાજીનામા બાદ લોકપ્રિય ગાયક અને કાઠમાન્ડુના મેયર બાલેન્દ્ર શાહે યુવા પ્રદર્શનકારીઓને શાંત રહેવા આગ્રહ કર્યો છે. યુવા પ્રદર્શનકર્તાઓએ આજે સિંહ દરબાર , સર્વોચ્ચ અદાલત, મુખ્ય વકીલ કચેરી અને સંસદ ભવન સાથે સાથે રાજકીય નેતાઓ અને વર્તમાન મંત્રીઓના ઘરોમાં આગ ચાંપી દીધી હતી. કાઠમાન્ડુ વિમાનમથક પણ આગામી સૂચના સુધી કર્ફ્યૂના કારણે બંધ છે. ઉલ્લેખનીય છે કે , યુવાનોના દેશવ્યાપી પ્રદર્શન દરમિયાન 19 લોકોના મોત અને 300થી વધુ લોકો ઇજાગ્રસ્ત હતા.

. . . . . . .

# NEPAL- VIRODH

નેપાળમાં જનરેશન ઝેડના પ્રદર્શનકારીએ કાઠમંડુ ખીણ અને અન્ય જિલ્લાઓમાં રાજકીય નેતાઓ અને મંત્રીઓના નિવાસસ્થાનોને નિશાન બનાવ્યા , પથ્થરમારો કર્યો અને સંપત્તિને આગ લગાવી. લલિતપુરમાં સંદેશાવ્યવહાર અને માહિતી ટેકનોલોજી મંત્રી પૃથ્વી સુબ્બા ગુરુંગના ઘરને વિરોધીઓએ આગ ચાંપી દીધી. તેમણે ભૈસ્પતિમાં નાયબ પ્રધાનમંત્રી અને નાણાં મંત્રી બિષ્ણુ પૌડેલના નિવાસસ્થાન પર પણ પથ્થરમારો કર્યો.

ગઈકાલે રાજીનામું આપનારા ભૂતપૂર્વ ગૃહમંત્રી રમેશ લેખકના ઘર પર પણ હુમલો કરાયો. વિરોધીઓ બુધાનિલકાંઠામાં ભૂતપૂર્વ પ્રધાન મંત્રી અને નેપાળી કોંગ્રેસના પ્રમુખ શેર બહાદુર દેઉબાના નિવાસસ્થાને પહોંચ્યા પરંતુ તેમને રોકવામાં આવ્યા. વહીવટી તંત્રએ કાઠમંડુ લલિતપુર અને ભક્તપુર જિલ્લાના વિવિધ વિસ્તારોમાં કરફ્યુ લાદ્યો છે.

.........

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . .

# GST REFORMS HOUSING

વસ્તુ અને સેવા કર – GST પરિષદે GSTના દરમાં કરેલા ઘટાડાના નિર્ણયને સમગ્ર દેશમાંથી વ્યાપક આવકાર મળી રહ્યો છે. ત્યારે આજે આપણે આવાસ ક્ષેત્ર માટે કરાયેલા સુધારાઓ પર નજર કરીશું. અમારા સંવાદદાતા જણાવે છે કે , જીએસટી સુધારા સામાન્ય નાગરિક પર કેન્દ્રીત છે.

(V/C- MAYUR SOLANKI)

(.... કેન્દ્ર સરકારે મુખ્ય બાંધકામ સામગ્રી પર GST દર ઘટાડીને આવાસ અને બાંધકામ ક્ષેત્ર માટે મોટી રાહતની જાહેરાત કરી છે. સિમેન્ટ પર અગાઉ 28 ટકા GST હતો તેની પર હવે 18 ટકાનો દર લાગશે. પત્થર, ગ્રેનાઈટ બ્લૉક્સ અને રેતી—ચૂનાની ઈંટ જેવી વસ્તુઓ પરના દર 12 ટકાથી ઘટાડીને માત્ર પાંચ ટકા કરાયો છે. આ જ રીતે વાંસના ફ્લોરિંગ , લાકડાના જોડાણ પર પણ હવે 12 ટકાને બદલે પાંચ ટકા GST લાગશે. તેનાથી બાંધકામ સામગ્રીની કિંમત ઘટવાની અપેક્ષા છે. તેમજ ઘરો અને માળખાગત પરિયોજનાઓની કુલ કિંમતમાં ઘટાડો થશે. આનાથી લોકો માટે ઘર ખરીદવા અને બનાવવા પોષણક્ષમતા પણ વધશે.

(નીતિકા ગુપ્તાનાં અહેવાલ સાથે હું મયુર સોલંકી, આકાશવાણી, અમદાવાદ)

. . . . . . .

# SWACHH VAYU AWARDS

પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે આજે નવી દિલ્હીમાં સ્વચ્છ વાયુ સર્વેક્ષણ પુરસ્કાર અને આદ્રભૂમિ શહેર સન્માન સમારોહ 2025 અંતર્ગત શહેરોને પુરસ્કાર એનાયત કર્યા. રાષ્ટ્રીય સ્વચ્છ વાયુ કાર્યક્રમ હેઠળ વાયુ ગુણવત્તામાં ઇન્દોર, જબલપુર, આગરા અને સુરત શહેર દેશમાં અગ્રણી રહ્યા છે. રામસર સંમેલન હેઠળ ઇન્દોર અને ઉદયપુરને આંતર-રાષ્ટ્રીય માન્યતા અપાઈ હતી.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીએ રાષ્ટ્રીય સ્વચ્છ વાયુ કાર્યક્રમના માધ્યમથી 130 શહેરમાંથી 103 શહેરમાં PM—10 સૂક્ષ્મ કણના સ્તર પર હવાની ગુણવત્તામાં થયેલા સુધારામાં થયેલી પ્રગતિની નોંધ લીધી. શ્રી ભૂપેન્દ્ર યાદવે કહ્યું , હવે વૉર્ડ સ્તર પર વાર્ષિક સ્વચ્છ વાયુ સર્વેક્ષણ કરાશે. તેમણે કહ્યું , કચરાનું રિસાયક્લિંગ અને પુનઃઉપયોગ પર ભાર મુકવામાં આવી રહ્યો છે.

. . . . . . . . . . . . .

# JAISHANKAR INTERACTION

વિદેશ મંત્રી ડૉક્ટર એસ. જયશંકરે આજે ત્રીજા "ગ્લોબલ સાઉથ યંગ ડિપ્લોમેટ્સ ફોરમ"ના સહભાગીઓ સાથે સંવાદ કર્યો. સોશિયલ મીડિયા સંદેશમાં ડૉક્ટર જયશંકરે એ ભાવના અને એકતા પર પ્રકાશ પાડ્યો , જે વૈશ્વિક દક્ષિણની કાર્યસૂચિને આગળ વધારી રહી છે. તેમણે વૈશ્વિક મંચ પર વૈશ્વિક દક્ષિણના અવાજને સ્પષ્ટ કરવા, તેની પર ભાર આપવા અને મજબૂત કરવા માટે ભારતની અતૂટ પ્રતિબદ્ધતાની પણ પુષ્ટિ કરી.

. . . . . . . .

# REV CRICKET ASIA CUP

સંયુક્ત આરબ અમિરાતના અબુધાબીમાં આજથી એશિયા કપ ક્રિકેટ ટૂર્નામેન્ટનો પ્રારંભ થઈ રહ્યો છે. ટી—20 શ્રેણીમાં રમાઈ રહેલી ટૂર્નામેન્ટની પહેલી મૅચ આજે અફઘાનિસ્તાન અને હૉન્ગકૉન્ગ વચ્ચે રમાશે. ભારતીય સમય મુજબ આ મૅચ રાત્રે આઠ વાગ્યે શરૂ થશે. ભારતની પહેલી મૅચ આવતીકાલે યજમાન સંયુક્ત આરબ અમિરાત સામે રમાશે. જ્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચે આગામી 14 તારીખે મુકાબલો થશે.

. . .

# WORLD BOXING CHAMPIONSHIP

ઇંગ્લૅન્ડના લિવરપૂલમાં વિશ્વ મુક્કેબાજ સ્પર્ધામાં આજે નિકત ઝરીન મહિલાઓની 51 કિલો વજન વર્ગની ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યાં છે. આજે પ્રિ-ક્વાર્ટર ફાઈનલમાં નિકતે જાપાનનાં યૂના નિશિનાકાને પાંચ —શૂન્યથી હરાવ્યાં. આવતીકાલે ક્વાર્ટર ફાઈનલમાં તેઓ હવે બુસે નાઝ ચકિરોગ્લૂ સામે રમશે.

આજે પુરુષોના 50 કિલો વજન વર્ગ જદુમણિ સિંહ મન્ડેગ —બામ, 80 કિલો વજન વર્ગમાં લક્ષ્ય ચાહર અને મહિલાઓનાં 48 કિલો વજન વર્ગમાં મિનાક્ષી પ્રિ-ક્વાર્ટર ફાઈનલમાં પોતાનો પડકાર રજૂ કરશે.

. . . . . .